# કેન્સરનું પહેલું લક્ષણઃ ઘણી વખત કોઈ કોઈ લક્ષણ જ નથી

'સ્વસ્થ લાગે એટલે સ્વસ્થ છીએ' - ખોટો વિશ્વાસ : દર વર્ષે ભારતમાં લાખો નવા કેન્સરના કેસ નોંધાય છે અને એમાંના મોટા ભાગના લોકોનું પ્રથમ વાક્ય એક જ હોય છે : 'મને કશું થયું નથી, પછી પણ કેવી રીતે કેન્સર થઈ ગયું?' આ વાક્ય એ બતાવે છે કે આપણા સમાજમાં સ્વાસ્થ્યનો અર્થ 'દુઃખાવો નથી એટલે બધું ઠીક' સુધી જ સીમિત છે. પણ કેન્સર માટે આ માન્યતા સૌથી જોખમી છે. કેન્સર એ રોગ છે જે શરૂઆતમાં શાંત રીતે વિકસે છે. કોઇ દુઃખાવો નથી, કોઇ તકલીફ નથી, કોઇ તાવ નથી. શરીર એવું લાગે કે બધું સામાન્ય છે. પરંતુ અંદરથી એક નાનકડો કોષ અસામાન્ય રીતે વધતો જાય છે અને સમય સાથે જીવલેણ સ્વરૂપ ધારણ કરે છે.



**કેન્સર શાંત રીતે કેવી રીતે વધે છે?**

શરીરમાં દરેક દિવસે લાખો કોષો બને છે અને નાશ પામે છે. જ્યારે કોઈ એક કોષમાં એવો જનીનિક ફેરફાર થાય કે તે નાશ પામવાની જગ્યાએ સતત વધતો રહે, એ શરૂઆત છે કેન્સરની. આ તબક્કે કોષોની સંખ્યા એટલી નાની હોય છે કે શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ એ ફેરફાર ઓળખી શકતું નથી. તેથી કોઇ દુઃખાવો કે લક્ષણ દેખાતા નથી.

જ્યારે એ કોષો વધીને ટ્યુમર બનાવે છે, ત્યારે એ આસપાસના અંગો પર દબાણ કરે છે અને પછી જ લક્ષણો દેખાય છે. પરંતુ એ રોગ પહેલાથી જ સ્ટેજ-2 અથવા 3 સુધી પહોંચી ગયો હોય છે.

**કેન્સરના ઉદાહરણો સમજીએ :**

સ્તન કેન્સર : શરૂઆતમાં ગાંઠ, નાની અને દુઃખાવાવિહોણી હોય છે. ઘણા સમય સુધી મહિલાઓને કંઇ અનુભવાતું નથી. ઘણી વાર રોગ મેમોગ્રાફીથી જ શોધાય છે.

**ગર્ભાશય-ગળાનું કેન્સરઃ** HIV વાયરસથી થાય છે અને વર્ષો સુધી શાંત રહે છે. પ્રથમ લક્ષણો ઘણી વાર ઈન્ફેકશન જેવી લાગણી આપે છે.

**ફેફસાંનું કેન્સરઃ**લાંબા સમય સુધી સામાન્ય ઉધરસ કે શ્વાસની હળવી તકલીફ તરીકે શરૂ થાય છે. દર્દી સમજે છે કે ધૂળ કે ધૂમ્રપાનની અસર છે.

**આંતરડાનું કેન્સર :** બ્લીડીંગલ પેઢાની તકલીફ કે કબજીયાત જેવી સામાન્ય ફરિયાદો દેખાય છે. લોકો ડોક્ટરને મળવાને બદલે ઘરેલું ઉપચાર કરે છે.

આ ચાર ઉદાહરણો બતાવે છે કે કેન્સર હંમેશા ચેતવણી આપતું નથી. અને એ જ એની સૌથી ખતરનાક વિશેષતા છે.

**એક સાચો કિસ્સો - રાહ જોવાની કિંમત :**

સુરતની એક 45 વર્ષની ગૃહિણીએ બે વર્ષ હેલ્થ ચેક-અપ કરાવ્યું હતું. જેમાં બધું સામાન્ય હતું. પછી ડોક્ટરે મેમોગ્રાફી માટે સલાહ આપી, પરંતુ એણે કહ્યું: 'મને કોઈ તકલીફ નથી. હું પછી કરાવી લઈશ.' 6 મહિના પછી જ એણે સ્તનમાં ગાંઠ અનુભવી. ચકાસણીમાં એ સ્ટેજ 2-B કેન્સર સાબિત થયું.

સદભાગ્યે એણે તરત સારવાર શરૂ કરી અને આજે એ સંપૂર્ણપણે સાજી છે. પરંતુ એણે કહ્યું, "મારી સૌથી મોટી ભૂલ એ હતી કે મને કશું લાગતું નહોતું એટલે મેં તપાસ મુલતવી રાખી."

આવા કિસ્સાઓ અમે રોજ જોઈએ છીએ, જ્યાં દર્દી શરીર પર વિશ્વાસ કરે છે, જ્યારે શરીર ચેતવણી આપી શકતું નથી.

**સ્ક્રીનીંગ : રોગ સામેનું સચોટ હથિયાર :**

વિજ્ઞાન આજે એટલું આગળ વધી ગયું છે કે આપણે રોગને લક્ષણો દેખાય તે પહેલાં જ પકડી શકીએ છીએ. એ જ છે સ્ક્રીનીંગ - એવા લોકોને તપાસવા જેઓને કોઈ તકલીફ નથી.

**મહત્વના સ્ક્રીનીંગ ટેસ્ટ :**

મેમોગ્રાફી : 40 વર્ષથી ઉપરની સ્ત્રીઓ માટે દર વર્ષે એક વાર.

પેપ સ્મિયર / HIV ટેસ્ટ : 25-63 વર્ષની સ્ત્રીઓ માટે દર 3 વર્ષે.

**લો ડોઝ સીટી સ્કેનઃ** ધૂમ્રપાન કરનારા કે ભૂતકાળમાં ધૂમ્રપાન કરનારા માટે ફેફસાંની તપાસ.

**જેમ કારને નિયમિત સર્વિસ જોઇએ છે, તેમ શરીરને પણ સમયાંતરે તપાસ જોઇએ. આપણા સ્વાસ્થ્ય માટે 2 કલાક કાઢવા એ ખર્ચ નહીં, પરંતુ રોકાણ છે.**

કોલોનોસ્કોપી/ સ્ટૂલ ટેસ્ટ : 45 વર્ષ પછી આંતરડાના કેન્સર માટે.

**PSA બ્લડ ટેસ્ટ :** 50 વર્ષથી ઉપરના પુરુષો માટે પ્રોસ્ટેટ કેન્સર માટે.

ઓરલ કેન્સર સ્ક્રીનીંગ : તંબાકુ, ગુટખા, સોપારીનું સેવન કરતા લોકોએ દર વર્ષે મોઢાની તપાસ કરાવવી જોઈએ.

આ ટેસ્ટ સરળ છે. ઓછા સમયમાં પૂરા થઇ શકે છે અને રોગને એ તબક્કે પકડે છે જ્યાં સાજા થવાનો દર 90% થી વધુ હોય છે.

**ડર કે અજાણતા - કયો મોટો દુશ્મન ?**

**કેન્સરથી મોટી જિંદગી**
ડો. કૌશલ પટેલ

**આપણા સમાજમાં સ્ક્રીનીંગ સામે બે મોટી દિવાલ છે :** ડર અને અજાણતા. ઘણા લોકો કહે છે, 'જો કાંઇ ખરાબ નીકળે તો?" પરંતુ હકીકત એ છે કે શરૂઆતમાં મળેલું કેન્સર સૌથી સરળ રીતે ઉપચાર્ય હોય છે. બીજો ભ્રમ એ છે કે 'કેન્સર એટલે મોત.' આ વિચાર હવે જુનો થઇ ગયો છે. આજના સમયમાં Targeted Therapy, Immunotherapy, Genetic Testing અને Precision Oncology જેવા આધુનિક ઉપચારથી ઘણા દર્દીઓ લાંબુ અને ગુણવત્તાયુક્ત જીવન જીવી રહ્યા છે.

**આધુનિક કેન્સર ઉપચાર - હવે ડર નહીં, વિશ્વાસ છે :**

કેન્સર ટ્રીટમેન્ટ હવે પહેલા જેવી તકલીફદાયક નથી રહી. અમારી સુરત ખાતેની HEPA ફિલ્ટરવાળી ડે-કેર સુવિધા એ સાબિત કરે છે કે હવે કેન્સર ટ્રીટમેન્ટ આરામદાયક, સુરક્ષિત અને માનવતા સાથે જોડાયેલ છે. અહીંના Paxman Scalp Cooling Machine દ્વારા દર્દીઓમાં વાળ ખરવા જેવી સૌથી મોટી ચિંતા પણ ઘટાડી શકાય છે. દર્દીઓને એક એવું વાતાવરણ મળે છે, જ્યાં હોસ્પિટલની ગંધ નહીં, પરંતુ આશાની સુગંધ હોય છે. આ બદલાવ માત્ર ટેક્નોલોજીકલ નથી, એ માનસિક પણ છે. દર્દી હવે પોતાને બિમાર નહીં, પરંતુ લડવૈયા તરીકે જુએ છે.

**"સમય નથી"એ હવે બહાનું નથી :**

આજના ઝડપી જીવનમાં લોકો કહે છે, 'હવે તો સમય નથી, પછી તપાસ કરી લઇશ.' પરંતુ યાદ રાખવું જોઇએ-રોગને સમય આપવો પડે તો સમય આપવો નહીં પડે. એક સરળ ચકાસણી જીવન બચાવી શકે છે.

જેમ કારને નિયમિત સર્વિસ જોઇએ છે, તેમ શરીરને પણ સમયાંતરે તપાસ જોઇએ. આપણા સ્વાસ્થ્ય માટે 2 કલાક કાઢવા એ ખર્ચ નહીં, પરંતુ રોકાણ છે.

**સ્વાસ્થ્યનો નવો અર્થ - 'મને ખબર છે કે હું ઠીક છું':**

હવે સ્વાસ્થ્યનો અર્થ બદલવો જોઇએ. 'મને કશું થયું નથી' એ સ્વાસ્થ્ય નથી. 'મેં તપાસ કરાવી છે અને બધું નોર્મલ છે' - એ છે સાચું સ્વાસ્થ્ય.

દર વર્ષે એકવાર હેલ્થ ચેક-અપ, યોગ્ય ડોક્ટરનું માર્ગદર્શન અને ઉંમર અનુસાર સ્ક્રીનીંગ - આ 3 નિયમો દરેક પરિવાર માટે જીવ બચાવનાર સાબિત થાય છે.

**અંતિમ સંદેશ :**

કેન્સરનું પહેલું લક્ષણ ઘણી વાર કોઇ લક્ષણ નથી. દુઃખાવો થવાની રાહ ન જુઓ. ફ્રી સમયની રાહ ન જુઓ. લક્ષણો દેખાય એ પહેલા તપાસ કરાવો. સાવચેતી જ ઉપચાર કરતાં વધુ શક્તિશાળી છે. જાગૃતિ એ જ જીવન છે. સમયસર પગલાં લેવા એ જ સાચો ઉપચાર છે.





# 'થામા'ની જો સરખામણી થાય તો મનોરંજનમાં 'સ્ત્રી 2'થી ઊતરતી છે!

**ફિલ્મને એક મનોરંજક હોરર-કોમેડી તરીકે વર્ણવવામાં આવી છે. ત્યારે કોમિક પંચો થોડા ફ્લેટ લાગે છે. અમુક જોક્સ જબરજસ્તીથી ઉમેરાયા હોય તેવું લાગે છે. ફિલ્મમાં ડરાવવાની ક્ષમતા ખૂબ જ ઓછી છે. હોરર-કોમેડી કરતાં તે સુપરનેચરલ રોમાન્સ જેવી વધુ લાગે છે**

ફિલ્મ 'થામા' જોઈને કોઈ પણ દર્શક પહેલાં એમ જરૂર કહેશે કે એમાં હોરર, કોમેડી, અભિનય, VFX વગેરે સારા છે. પછી આગળ એમ જરૂર કહેશે કે 'મેડોક ફિલ્મ્સ'ની અગાઉની ફિલ્મો કરતાં બધું થોડું ફિક્કું છે! ખાસ કરીને બંને 'સ્ત્રી' જેવી હોરર-કોમેડી નથી. તેથી દિવાળીના દિવસે 'સ્ત્રી 2'થી પણ મોંઘી ફિલ્મ હોવાથી સારું છતાં તેનાથી અડધું પણ નહીં રૂ.25 કરોડનું જ ઓપનિંગ મળ્યું છે. તે સૌથી મોટી ફિલ્મ બનવા અંગે શંકા છે. 'થામા' ફિલ્મ 'સ્ત્રી 2' જેવી ન લાગવા પાછળ વિવેચકો અને દર્શકો દ્વારા આપવામાં આવેલા મુખ્ય કારણો જોઈએ તો 'સ્ત્રી' અને 'સ્ત્રી 2' માં હોરર અને કોમેડીનું સંતુલન મજબૂત હતું. ખાસ કરીને કોમેડી ખૂબ જ તીવ્ર હતી. અહીં હોરરનો ભાગ લગભગ ગાયબ છે. કોમેડી અમુક જગ્યાએ નબળી અથવા ફિક્કી લાગે છે. ફિલ્મને હોરર-કોમેડી કરતાં વધુ હોરર- રોમાન્સ/ બ્લડી લવ સ્ટોરી તરીકે જોવામાં આવી છે. 'સ્ત્રી' ફ્રેન્ચાઈઝીમાં રાજકુમાર રાવ (વિકી), પંકજ ત્રિપાઠી (રુદ્ર) અને અભિષેક બેનર્જી (જન્ના) જેવા કલાકારોની ટુકડીનું હ્યુમર અને ટાઈમિંગ ખૂબ જ લોકપ્રિય હતું અને તેના કારણે કોમેડી સતત જળવાઈ રહેતી હતી. 'થામા' માં આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાનાની જોડી અને તેમની વચ્ચેનો રોમેન્ટિક ટ્રેક વધુ કેન્દ્રમાં છે. કેટલાક વિવેચકો માને છે કે 'થામા'ની વાર્તા પાતળી છે અને તે ફક્ત આ યુનિવર્સને આગળ વધારવા માટે એક પુલ જેવી લાગે છે. જેમાં કોઈ મોટો નવો વિચાર કે આત્મા નથી. 'સ્ત્રી' માં લોકકથાને સામાજિક સંદેશ સાથે જોડવામાં આવી હતી. તેવું ઊંડાણ 'થામા'માં વેમ્પાયર (બેતાલ) ના વિચારમાં ઓછું જોવા મળ્યું છે. 'મુંજ્યા' જેવી સફળ ફિલ્મ આપનાર નિર્દેશક આદિત્ય સરપોતદારે ફરી લોકકથાને વાર્તાનો આધાર બનાવ્યો છે. જો કે VFX અને સેટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પાત્રો અને પૃષ્ઠભૂમિ સ્થાપિત કરવામાં થોડો વધુ સમય લાગ્યો છે. સચિન-જીગરનું સંગીત દમદાર છે પરંતુ આ બ્રહ્માંડની પાછલી ફિલ્મોની તુલનામાં થોડું નીરસ લાગે છે. જો વાર્તા અને કોમિક પંચ સમાન રીતે મજબૂત હોત તો નિઃશંકપણે તે હોરર-કોમેડી બ્રહ્માંડમાં એક અનોખી ફિલ્મ બની શકી હોત. રીંછ અને બેતાલ વચ્ચેની લડાઈ જોરદાર બની છે. એમાં એક વાત ખટકે છે કે રીંછ અને બેતાલને આખા શહેરમાં તબાહી મચાવતા કોઈ પણ જોતું હોતું નથી. ક્લાઈમેક્સમાં નવાઝુદ્દીન સિદ્દીકી, આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના વચ્ચેના એક્શન દ્રશ્યો પ્રભાવશાળી બન્યા છે. બોક્સ ઓફિસ પર ફિલ્મની અપીલ, બ્રાન્ડ વેલ્યુ અને લાંબા દિવાળી સપ્તાહને કારણે ચોક્કસપણે મજબૂત કલેક્શન થયું છે. ફિલ્મને એક મનોરંજક હોરર-કોમેડી તરીકે વર્ણવવામાં આવી છે. ત્યારે કોમિક પંચો થોડા ફ્લેટ લાગે છે. અમુક જોક્સ જબરજસ્તીથી ઉમેરાયા હોય તેવું લાગે છે. ફિલ્મમાં ડરાવવાની ક્ષમતા ખૂબ જ ઓછી છે. હોરર-કોમેડી કરતાં તે સુપરનેચરલ રોમાન્સ જેવી વધુ લાગે છે. 'થામા'નો પ્રથમ ભાગ પાત્રો અને બેતાલોની દુનિયા સ્થાપિત કરવામાં ધીમો લાગે છે. પરેશ રાવલના પાત્ર સાથે જોડાયેલો એક સબ-પ્લોટ અમુક દર્શકોને બિનજરૂરી લાગ્યો છે. જે માત્ર હાસ્ય ઉત્પન્ન કરવા માટે જબરજસ્તીથી ઉમેરવામાં આવ્યો છે. પરેશનું કામ સારું છે પણ ભૂમિકા નાની રાખી છે. આયુષ્માન ખુરાના 'સામાન્ય માણસ'ના પાત્રો માટે જાણીતો છે. તે કોમેડી અને ભાવનાઓને સરળતાથી રજૂ કરી શકે છે. તેણે ભોળા અને હસમુખા 'આલોક' તરીકે પ્રથમ ભાગમાં અને પછી બેતાલ (વેમ્પાયર) બન્યા પછીના વધુ ગંભીર અને તીવ્ર પરિવર્તનને ખૂબ જ સારી રીતે નિભાવ્યું છે. માસૂમિયતમાંથી વેમ્પાયરમાં થતા પરિવર્તનને તેણે અસરકારક રીતે દર્શાવ્યું છે. અલબત્ત તેનું હાસ્ય 'સ્ત્રી'ના રાજકુમાર રાવ જેટલું તાજગીભર્યું કે આકર્ષક લાગતું નથી. તેનું પ્રદર્શન ફિલ્મના સકારાત્મક પાસાંઓમાંથી એક છે. પાછલી ફિલ્મોની કોમેડીની સરખામણીના કારણે અમુક દર્શકોને થોડો તફાવત અનુભવાયો છે. છતાં પાત્રની જરૂરિયાત મુજબ આયુષ્માનની પસંદગી યોગ્ય અને અસરકારક સાબિત થાય છે. તેથી આયુષ્માનની સૌથી વધુ ઓપનિંગ મેળવનારી ફિલ્મ બની છે. રશ્મિકા મંદાનાએ તાડકા તરીકે શક્તિશાળી અભિનય આપ્યો છે. તે એક સ્ત્રી રાક્ષસની પડકારજનક ભૂમિકામાં આશ્ચર્યજનક પેકેજ સાબિત થાય છે. તે આ શ્રેણીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. તેનો પથ્થર જેવો દેખાવ આ ભૂમિકા માટે વધુ યોગ્ય હતો. નવાઝુદ્દીન સિદ્દીકી વિશિષ્ટ હાસ્ય, શારીરિક ભાષા અને હિન્દી-અંગ્રેજી મિશ્ર સંવાદોથી પાત્રને યાદગાર બનાવે છે. વિલન તરીકે થોડા સમય માટે જ આવે છે પરંતુ તેમની હાજરી મજબૂત છે. 'ભેડિયા' વરુણ ધવન પણ એક આકર્ષણ બને છે. આ ફિલ્મ યુનિવર્સને આગળ વધારવાનો એક સારો પ્રયાસ છે. પણ મજબૂત વાર્તા અને કોમેડીના અભાવને કારણે તે 'અનોખી' બની શકતી નથી. ત્રણ આઈટમ નંબર થોડા વધારે લાગે છે અને કોઈ ખાસ સામાજિક સંદેશ આપી જતી નથી. ફિલ્મને યુનિવર્સ સાથે જોડવામાં ધ્યાન વધારે કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાથી વાર્તાને પૂરતો ન્યાય આપી શકાયો નથી. ઈન્ટરવલ પછી આયુષ્માન-રશ્મિકાની વાર્તા કહેવા કરતાં એને પૂરી કરવા પર ભાર મુકાયો છે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

**ઓટોગ્રાફ !**

**'થામા'માં રશ્મિકાનો 'તાડકા' રાક્ષસનો રોલ જોઈ દર્શકોને ડર લાગવો જોઈતો હતો પણ એ તો આયુષ્માનની પત્ની બનીને સાસરીના ડ્રામામાં વધારે ફસાયેલી લાગી છે!**

# કામકાજ હોય તો કહેજો..!

'માનવીના જીવન ઘડતરમાં પુસ્તકોની ઉપયોગિતા'- એ વિષય પર શહેરમાં શિબિર ચાલી રહી હતી. તેમાં સુપ્રસિદ્ધ સાહિત્યકારો પુસ્તકો વાંચવાના ફાયદા બતાવી રહ્યા હતા. એક માણસે પોતાના બન્ને દીકરાને એ શિબિરનો લાભ લેવા સૂચવ્યું. શિબિર પૂરી થયા પછી એને જાણવા મળ્યું કે મોટો દીકરો જ શિબિરમાં ગયો હતો. નાનાએ શિબિર એટેન્ડ કરી ન હતી. એટલે તેને બોલાવીને ઠપકો આપતાં કહ્યું: 'શું તારો ભાઈ મૂર્ખ હતો કે એક અઠવાડિયા સુધી તેણે શિબિર એટેન્ડ કરી?' નાના દીકરાએ જવાબ આપ્યો: 'પપ્પા, શિબિરમાં સમય બગાડવા કરતાં મેં રોજ એટલો સમય ઘરે પુસ્તકોનું વાંચન કર્યું!' જવાબ સાંભળી એ માણસ ચૂપ થઈ ગયો. દોસ્તો, જીવનમાં ઉપદેશ કરતાં અમલનું મહત્વ વિશેષ રહ્યું છે. પ્રતિજ્ઞા કરવા કરતાં વિના પ્રતિજ્ઞાએ સારા કામ કરવાનું

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

બેશક ઉચિત ગણાય. (ઉપર્યુક્ત ઘટના સાંભળી બચુભાઈ હસીને બોલ્યા: "થરમૉમિટર ખરીદવા કરતાં તાવ ન આવે એની કાળજી લેવામાં સમજદારી રહેલી છે!")

એક માણસને હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો. તેનો પાડોશી ખબર કાઢવા આવ્યો. જતી વેળા તેણે કહ્યું: "મારે લાયક કોઈ કામકાજ હોય તો કહેજો !" પેલાએ કહ્યું: "કામ તો નથી પણ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર જનરલ વૉર્ડમાં આપણી સોસાયટીના ફલાણા ભાઈને દાખલ કર્યા છે. અમે તેમનો જગ લઈ આવ્યા હતા. તમે નીચે જઈ રહ્યા છો તો આ જગ તેમને આપતા જજો પ્લીઝ..!" પાડોશીએ કહ્યું: "માફ કરજો મારે ઓલરેડી મોડું થઈ ગયું છે. ઘરે રાહ જોતા હશે.!"- અને એ શ્રીમાન ચાલ્યા ગયા. 'ઘરે રાહ જોતા હશે' એમ કહેવામાં એમણે જો



સાવધાની ના રાખી હોત તો તેમનાથી બોલાઈ ગયું હોત- "ટીવી પર 'કહાની ઘર ઘરકી' શરૂ થવામાં હવે દશ જ મિનિટની વાર છે..!" આવા માણસો સમાજની દંભી ઔપચારિક્તાનું પ્રતિનિધિત્વ કરે છે. એ માણસ માળાનો કેવળ એક મણકો છે. સમાજ એવા હજારો મણકાઓનો બનેલો છે. બહુધા માંદગીમાં લોકો એકબીજાની ખબર કાઢવા જાય છે. ઘણાને અમે બોલતા સાંભળ્યા છે: "મરવાની ય ફૂરસદ નથી પણ હું માંદો પડ્યો ત્યારે એ આવ્યો હતો એથી મારે જવું પડે..! ઊભા ઊભા એકાદ બે મિનિટ માટે જઈ આવીશ, બીજું શું થાય ત્યારે..?"

અમને કદી એ સમજાયું નથી કે આપણી માંદગી બીજા માટે કીડીના ચટકા જેટલી ય પીડાકારક શા માટે બનવી જોઈએ? સદભાવના સાત્વિકરૂપે જળવાઈ રહે તે ઈચ્છનીય ખરી, પણ તેના પર રિવાજોનું ફરજિયાતપણું લાદવામાં આવે છે ત્યારે તે એક બંધન બની જાય છે. દેખાદેખીથી પાળવામાં આવતા રિવાજોમાં દંભ જ દંભ વ્યાપેલો હોય છે. એવા સામાજિક રિવાજો કાગળના ફૂલ જેવા હોય છે. તેમાં રંગની રોનક હોય છે. પણ સ્નેહની સુગંધ નથી હોતી. "કોઈ કામકાજ હોય તો કહેજો..!"- એ વાક્ય દંભનો સમાજસ્વીકૃત 'તકિયાકલામ' છે. બધાં જ આવું બોલે છે. જેઓ કામ કરવા માંગતા હોય તેઓ બોલતા નથી- કામ કરીને સદભાવના વ્યક્ત કરે છે. પેલા પાડોશીએ ઘરે જતી વેળા ગ્રાઉન્ડ ફ્લોર પાસેથી જ પસાર થવાનું હતું. અર્થાત્ એણે એ કામ માટે કશો વિશેષ પરિશ્રમ ઉઠાવવો પડવાનો ન હતો પણ સદીઓથી સમાજની આવી દંભી માનસિકતા રહી છે. ("તમારે માટે જીવ આપી દઉં" એવું કહેનારા વખત પડ્યે સાઈકલ પણ આપતાં નથી)

**"તમારે માટે જીવ આપી દઉં" એવું કહેનારા વખત પડ્યે સાઈકલ પણ આપતાં નથી. જેઓ કામ કરવા માંગતા હોય તેઓ બોલતા નથી- કામ કરીને સદભાવના વ્યક્ત કરે છે**

ન્યાય ખાતર સ્વીકારવું રહ્યું કે બધાં જ લોકો આવા હોતાં નથી. કેટલાંકની સદભાવના સાત્ત્વિક હોય છે. અમારે એક વાર હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. હાઈવે પર એક્સિડન્ટ થયો હતો. ડૉક્ટરોએ બાર કલાક આપ્યા હતા. સગાંવહાલાં દૂર દૂરથી આવીને ખબર લઈ ગયા. મારો એક મુસ્લિમ મિત્ર ખબર કાઢવા આવ્યો નહીં. મોડી સાંજે તેની પત્ની ચિઠ્ઠી લઈને આવી. ચિઠ્ઠીમાં લખ્યું હતું : 'આ સાથે દશ હજાર રૂપિયા મોકલું છું. તારી પાસે પૈસા હોય તો પણ આ રાખજે.. હૉસ્પિટલમાં ગમે ત્યારે પૈસાની જરૂર પડી જતી હોય છે...!' અમે તેની પત્નીને પૂછ્યું: "એ કેમ ન આવ્યો?" પત્નીએ જવાબ આપ્યો: "એ અમારી ફલાણી દરગાહને બહુ માને છે. તમારો જીવ બચી જાય તે માટે દરગાહે દુવા માંગવા ગયા છે. મેં એમને સમજાવ્યા: ''પહેલા હૉસ્પિટલ જઈ આવીએ, પછી દરગાહે બેઉ સાથે દુઆ માંગીશું..!'' પણ એમણે કહ્યું: "તું આ પૈસા લઈને વહેલી પહોંચ. હું દરગાહેથી સીધો ત્યાં આવીશ. એક વાતનું ખાસ ધ્યાન રાખજે. દિનેશ આવી વાતોમાં માનતો નથી એથી દરગાહ વાળી વાત એને કહીશ નહીં!"

અમને હૉસ્પિટલમાં તરોપા સફરજન વગેરે આપી ગયેલા સગાંવહાલા કરતાં ન આવી શકેલા એ મુસ્લિમ મિત્રના પ્રેમથી અમે વધુ ભાવ વિભોર બન્યા હતા. શ્રદ્ધા ખોટી હોઈ શકે, પણ પ્રેમ ખોટો ન હોય...! શ્રી ભૂપત વડોદરિયાએ તેમના પુસ્તક 'પ્રકાશના પગલા'માં લખ્યું છે: 'આપણી સંસ્થાઓ ખ્રિસ્તીઓની પ્રવૃતિથી ભડકતી રહે છે. તેમણે એ વિચારવું જોઈએ કે ખ્રિસ્તીઓ પીડાતા માણસોની નજીક દોડે છે. પ્રચાર તો તેઓ કરતાં જ હશે પણ સૌથી મોટો પ્રચાર એજ બની જાય છે કે તેઓ દુઃખની ઘડીએ દોડી આવે છે. આપણી તમામ ધાર્મિક સંસ્થાઓએ આ સમજવાની જરૂર છે. માણસને પીડાતા જુઓ ત્યાં તમારું મંદિર લઈ જાઓ.'

એક અન્ય મુદ્દો પણ વિચારવા જેવો છે. હમણાં ક્યાંક એક પંક્તિ વાંચવા મળી. માણસની સફળતાનો આધાર કાળ, ક્ષમતા અને સમજદારી પર રહેલો છે. કારેલાના છોડમાં ગમે તેટલું ખાતર નાંખો તોય ગુલાબનું ફૂલ ઊગી શકતું નથી. હાફૂસના આંબામાં સેક્રિનવાળું પાણી સીંચવાની જરૂર પડતી નથી. તેનાં ફળ મીઠાં જ લાગે છે. બાવળના ઝાડ નીચે ફૂલોની જાજમ પથરાયેલી હોવી જોઈએ, એવી અપેક્ષા રાખનારાઓને આ પંક્તિ કંઈક કહી જાય છે: 'વિધવાઓની વસતી મહીં અમે ચૂડીચાંદલાનો વેપાર માંડ્યો... નિષ્ઠુરોના નગરમાં અમે લાગણીઓનો દરબાર માંડ્યો... તકદીરને શીદ કોસીએ..? દોષ અમારી અનાવડતનો છે....! આંધળાઓના ગામમાં અમે આયનાનો કારોબાર માંડ્યો...!'

**ધૂપછાંવ**

**પશ્ચિમી પ્રજાએ બુદ્ધિ અને પરિશ્રમ વડે ધરતી પર જ સ્વર્ગનું સર્જન કર્યું છે..! તેમની પ્રગતિ જોયા પછી એવી પ્રતીતિ થાય છે કે બુદ્ધિ અને પરિશ્રમ એ બે એવાં ટાંકણાં છે જે વિના સુખસમૃદ્ધિનો મહેલ ચણી શકાતો નથી.**